જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

## ચોરીના એક મોટર સાયકલ સાથે એક આરોપીની ધરપકડ કરતીઅમદાવાદ શહેર.એસઓજી ક્રાઇમબ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબએસ.ઓ.જીના અધિકારીઓ તેમની ટીમો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાનસાથેના પો.કોન્સ. વિજેન્દ્ર ભવરલાલ તથા પો.કો.દશરથભાઇ નાગજીભાઇનાઓની સંયુકત બાતમી હકીકત મળેલ કે '' એક ઇસમ જેણે શરીરે કાળા કલરનું શર્ટ તથા પેન્ટ પહેરેલ છે. તે ચોરી અથવા છળકપટ થી મેળવેલ બાઇક ઉપર વિરાટનગર વેરા તરફથી આવી અત્રે થઇ મનમોહનનગર ચાર રસ્તા તરફ જનાર છે વિગેરે બાતમી હક્તિત આધારે વોચમાં રહી સદરહું ઇસમ મળી આવતા તેની પુછપરછ કરતા તેણે પોતાનુ નામ જીલુભાઇ ડડુભાઇ દરબાર રહે. મ.નં.૧૫ ક્રિષ્ના ફ્લેટ ખોડીયારનગરઓઢવ અમદાવાદ નાનો હોવાનુ જણાવેલ જેના કબ્જાની હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ બાબતે ખાત્રી કરવાતા સદર મોટર સાયકલ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી થયેલાનુ જણાઇ આવતા સદરી બાબતે ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૫૧૫/૧૨ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વણ ઉકેલાયેલ ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે અને વધુ તપાસઅર્થે ઓઢવ પોલીસ સ્ટેશન તરફ શોપવા તજવીજ હાથ ધરેલ છે.

## દરીયાપુરમાં હત્યા કરી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેરના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન, તથા મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી રાહુલ પટેલ નાઓની સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી. ચૌધરી તથા પો.સબ.ઇન્સ.શ્રી કે.આઇ.જાડેજા નાઓની ટીમને મળેલ બાતમી આધારે ગઇ તા.04/12/16 ના સાંજના સુમારે દરીયાપુર પો સ્ટેશન વિસ્તારમા મહંમદયુસુફ ઉસ્માનગની શેખ ના થયેલ ખુન બાબતે દરીયાપુર પો સ્ટેશન ફ.ગુ.ર. નંબર 62/16 ઇ.પી.કો.કલમ 302, 294(ખ), 506(2), તથા જી.પી.એકટ 135(1) મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય, જે ગુન્હાનો આરોપી નાસતો ફરતો હોય જેને શોધી કાઢવા એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમ કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર પકવાન હોટલ સામે રોડ ઉપરથી આરોપી રહેમાનખાન મંગલખાન પઠાણ ઉ.વ.25 રહે, 403, આમેના એપાર્ટમેન્ટ, ચોથો માળ, સુલતાન મહોલ્લો, દરીયાપુર, અમદાવાદ ને ઝડપી પાડવામાં આવેલ છે. સદરહુ આરોપીની પુછપરછ બાદ વધુ તપાસ અર્થે દરીયાપુર પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)